ઇબ્ને સાઉદ



હિમતલાલ મર્થડ

વર્ષ. ૪ થું. નવચેતન પ્રકાશન : ૨૮ પુસ્તક ૨ જું.
આપણી બાળ ગ્રંથમાળા

કાસમ ચાઉસ

-: લેખક :-

હિમ્મતલાલ અર્થક

-: ચિત્રકાર :-

શ્રી. કૃષ્ણ

-: સંપાદકો :-

સોમાભાઈ ભાવસાર : દિનેશ ઠાકોર

નવચેતન સાહિત્ય મંદિર
૨૪૫૬, ભદ્ર : અમદાવાદ.

: પ્રકાશક :

પુરુષોત્તમ પૂ. પારેખ
નટવરલાલ લ. વોરા

નવચેતન સાહિત્ય મંદિર
૨૪૫૬ : ભદ્ર : અમદાવાદ

કિંમત ૦-૪-૦

મુદ્રક :
ધી વીરવિજય પ્રિન્ટિંગ પ્રેસ
શા. કેશવલાલ સાંકળચંદ
સલાપોસ ક્રોસરોડ, પો. બો. નં ૬—અમદાવાદ.

નિવેદન.

કાસમ ચાઉસની આ સળંગ વાત અમદાવાદથી પ્રગટ થતા નવસૌરાષ્ટ્ર અઠવાડિકમાં કટકે કટકે જ્યારે છપાતી હતી ત્યારે બાળકોને ખૂબ ગમી હતી.

જે થોડાં બાળકોને આ વાત વાંચી આનંદ પડયો તેને બીજાં બાળકો પણ વાંચી આનંદ મેળવે એ હેતુથી થોડા વધારા સાથે ચોપડી રૂપે અમે પ્રગટ કરીએ છીએ.

કાસમ ચાઉસના લેખક શ્રી. હિમ્મતલાલ મર્થકનાં લખાણોથી ગુજરાતનાં બાળકો સુપરિચિત છે. એમની આ ચોપડી ગુજરાતનાં બાળકો વધાવી લેશે એવી આશા છે.

સંપાદકો

★ અ • નુ • ક્ર • મ • ણિ • કા ★

૧ કાસમ ચાઉસ ૫
૨ ભૂલા પડ્યા ૯
૩ ચલાવ ગાડું ૧૫
૪ શિરો કે શિરામણ ? ૨૧
૫ ડેર ના ડેર ! ૨૫
૬ હવે તો હું શેઠ થયો છું ૨૯
૭ કાસમ ગયો ૩૫

અર્પણ

મારા મિત્ર શ્રી.
ભીમભાઇને

-

કાસમ ચાઉસ ... ...

એનું નામ કાસમ. કાસમ ચાઉસ હતો. જાતે અરબ. અરબસ્તાન એનું વતન. એનું કામ ચોકી કરવાનું.

કાસમ ચાઉસ દરબારગઢને ઝાંપે ચોકી કરે. રાત ને દિવસ, દિવસ ને રાત, કાસમ ચોકી કરતો બેઠો હોય.

માથે એક રંગીન ફટકો બાંધે, કેડે રંગીન ભેટ બાંધે, જમૈયો ખોસે. ખાટલી પર બેઠો બેઠો કાસમ જ્યારે હુક્કો પીતો હોય ત્યારે જાણે કે એ જ કોઈ દરબાર છે એમ દેખાય.

કાસમે કાળા અક્ષરને કુહાડે માર્યા હતા. એક વખત તે કોઈની પાસે કબૂતરનો 'ક' કરતાં શીખવા બેઠેલો પણ 'ક' થી આગળ 'ખ' આવ્યો ત્યાં એનું ગાડું અટકી પડયું અને એક 'ક' એને યાદ રહી ગયેલો. તોય એણે કોઈની પાસેથી ગુજરાતીમાં સહી કરવાનું કા સ મ એમ શીખી લીધેલું. પણ જો ભૂલેચૂકે એને કોઈ સહી કરવા ઈંડીપેન આપે, તો તો પછી એને એ નવી જ લેવી પડે.

કાસમની ભાષા અરબી, પણ અહીં આવીને થોડું ઘણું હિંદુસ્તાની બોલતાં એ શીખી ગયો હતો. કોઈની સાથે એ એની એ ભાંગીતૂટી હિંદુસ્તાનીમાં વાત કરતો.

દરબારગઢમાં દરબારને એ 'બાપુ' કહેતો અને સ્ત્રી વર્ગને 'મા' કહેતો. દરબારના ભાઈને એ ઓળખતો એટલે એને 'નાનાબાપુ' કહેતો. પણ જનાનખાનામાં તો બધાને 'મા' જ કહેતો.

દરબારની બહેનનાં લગ્ન થતાં હતાં. કાસમ ચાઉસ તો ડેલીએ બેઠો જ હોય. મહેમાનો આવે ને જાય. મહેમાનો ક્યારેક હુક્કાપાણીની સલામી આપે અને સારું સારું ખાવાનું તો એને મળતું જ. કાસમને તો એ દિવાળીના દહાડા થઈ પડ્યા. એ તો ખુશી ખુશી થતો.

કાસમ બહાર નીકળે. કોઈ ઓળખીતા–દોસ્તો ગમ્મત કરે, ‘કાસમ, હમણાં તો તારે લહેર હશે.’

કાસમ જવાબ આપે, ‘હા સાહેબ. હમણાં તો ‘મા’નાં લગ્ન છે ને? લહેર છે હમણાં તો!’

લગ્ન પૂરાં થયાં. કાસમ દરબાર પાસે સલામે ઊપડ્યો. ‘હજુર! આપની ‘મા’નાં લગ્ન થયાં તેનું કાંઈ ઇનામ!’

દરબાર તો દિંગ જ થઈ ગયા. દરબારને એના આવા છબરડાની ખબર હતી. દરબારના કુંવરને સહુ ‘દાદા’ કહેતા. એક દિવસ કુંવરે કાસમનો હુક્કો

ફોડી નાખેલો. કાસમ દરબાર પાસે ગયો અને કહે
'હજૂર, આપના દાદાએ મારો હુક્કો ફોડી ના-
ખ્યો!' દરબારને એ વાત યાદ હતી અને આવ
બીજા છબરડા પણ યાદ હતા. એ કાંઈ ન બોલ્ય
પણ બીજા દિવસથી કાસમને દરબારગઢમાંથી રૂખ
સદ મળી ગઈ!



ભૂલા પડયા... ... ...

કાસમ તો ચાઉસ હતો. એને તો ચોકી કરતાં આવડે. બીજું કામ તો એણે કોઇ દિવસ કરેલું નહિ. પણ ગામમાં કાસમને બધા ઓળખે. આજુ-બાજુના ગામડે ચિઠ્ઠીચપાટી લઈ જવાનું કામ કાસમને મળી ગયું અને એમાંથી જે મળે તેમાં કાસમ મોજ કરતો થયો.

એક દિવસ એને એક ગામ ચિઠ્ઠી લઇ જવાની હતી. ગામ ત્રણ ગાઉ દૂર હતું. પેલાએ પૂછ્યું: ‘કાસમ! શું લઈશ?’

‘છ આના સાહેબ.’

પેલો કહે: ‘સારૂં કાસમ! છ આના નહિ પણ

તને અર્ધો રૂપિયો આપીશ. પણ વહેલો વહેલો ઉપડ.'

ત્યાં તો કાસમ બોલી ઊઠયો: 'નહિ સાહેબ, અર્ધો રૂપિયો નહિ, છ આના પૂરા લઇશ. કાંઈ ઓછું નહિ.'

પેલો માણસ હસી પડયો. કાસમ કહે: 'તમે ભલે મશ્કરી કરો પણ હું કાંઇ ઓછું નહિ લઉં!'

અને ખરેજ કાસમે પેલા માણસ પાસેથી છ આના જ લીધા.

કાસમનું ગાડું એમ ચાલ્યે જાય છે.

કાસમ ચાઉસ ખેપનો ધંધો કરે છે ને જે મળે છે તેમાં મોજ કરે છે.

એક વખત ગામમાં નોકરી માટે ફરતા બે ત્રણ આરબો આવ્યા. સહેજે જ એ કાસમના મહેમાન બન્યા. બાજુના ગામમાં નોકરી હતી. આરબોને ત્યાં જવું હતું પણ રસ્તાના અજાણ્યા, જાય કેવી

રીતે? કોઈને પૂછતાં પૂછતાં જાય પણ શું કાસમ પોતાના મહેમાનને એવી રીતે જવા દે? કાસમ કહે: 'હું તમને છેક સુધી મૂકી જઈશ. ગભરાઓ છો શા માટે?' પેલાઓને થયું: 'ભલે આવે, આપણે પૂછવું મટયું!'

સવાર થયું. નાસ્તાપાણી કરી, હુક્કો પી મહેમાનો કહે: 'ચાલો.'

કાસમ કહે: 'અરે, રોકાઓને, જવાય છે. શી ઉતાવળ છે?'

સાંજ પડી. પેલા કહે: 'ચાલો.'

કાસમ કહે, 'જઈશું, શી ઉતાવળ છે? આપણે કાંઈ વાણિયા થોડા છીએ કે દિવસે ચાલીએ? રાત્રે ચાલશું. ઠંડે પહોરે પહોંચી જઈશું.'

પેલાઓએ ના તો કહી પણ કાસમનો આગ્રહ એમણે માનવો જ રહ્યો!

બરાબર મધરાતે કાસમે બધાને જગાડયા ને કહ્યું: 'ચાલો જઈશું?'

સૌ તૈયાર થયા ને ઊપડયા. વાતોના ફડાકા મારતા જાય છે ને ચાલતા જાય છે.

બે રસ્તા આવ્યા. આરબો કહે: 'કયો માર્ગ ?'

'તમે તમારે ચાલ્યા આવો. પેલું સામે દેખાય છે તે જ એ ગામ. મેં જોયું છે ને ? જુઓને પેલી બત્તીઓ દેખાય......'

બધા ચાલવા માંડયા. ગામ તો આવ્યું. પણ એ તો કોઈ બીજું ! કાસમ સમજી ગયો. 'હં હં,



'પેલું સામે દેખાય છે તેજ એ ગામ.'

જરા ભૂલ થઈ ગઈ. આ તો બીજું ગામ આવી

ગયું ? કાંઇ ફિકર નહિ. અહીંથી એ ગામ નજીક જ છે. ચાલો ચાલો.'

વળી બધા ઊપડ્યા. વાતો થતી જાય છે ને રસ્તો કપાતો જાય છે.

વળી બે રસ્તા આવ્યા. પેલા કહે, 'કયો રસ્તો ?'

'અરે સાહબ, હવે કાંઇ ભૂલું ? આ જ એ ગામ. જુઓને સામે દરબારગઢની બત્તીઓ દેખાય.'

બધા ચાલ્યા જતા હતા. પરોઢ થઇ જવા આવ્યું હતું. અંધારું હવે ધીમે ધીમે ઓસરતું હતું. અજવાળું આગળ આવ્યે જતું હતું. ગામ હવે એક જ માઇલ દૂર હતું. બધાના મનને થયું: 'હાશ, હવે તો ગામ આવ્યું.'

જરા આગળ ગયા ત્યાં નદી આવી ને ચાઉસનો પગ થંભ્યો, 'અરે આ, તો આપણા ગામની

નહી!' અને સામે જુએ ત્યાં તો એણે એના ગામને ઓળખ્યું. 'જી, જનાબ, કોણજાણે કેમ આજે રસ્તો ભૂલાઈ જાય છે. નહિ તો હું તો ત્યાં સો વખત જઈ આવ્યો છું.'

મહેમાનો શું બોલે? શિરામણ કરીને કોઈને માર્ગ પૂછીને તેઓ રસ્તે પડયા!



ચલાવ ગાડું! ... ...

રોજના ચાર છ આના મળે છે તોય કાસમ ચાઉસ ખેપનો ધંધો કર્યા કરે છે. ગામના નગરશેઠને ત્યાં લગ્ન આવ્યાં. બાજુને ગામડે જાન જવાની હતી રસ્તો લાંબો. ચોર લૂંટારાનો ભય. સાથે વળાવિયે તો જોઇએને? વળાવિયો કોને લેવો? નક્કી કર્યું કે કાસમ ચાઉસ સાથે આવે. શેઠે કાસમને બોલાવ્યો "દેખો, જમાદાર, આપણી જાન જવાની છે. તમારે સાથે આવવાનું ને જાનની ચોકી કરવાની."

"ભલે શેઠ સાહેબ."

"ના, એમ નહિ. બરાબર ચોકી કરવાની આપણી જાન ક્યાંએ અટકે નહિ.'

'અરે સાહેબ, તો તો કાસમ ચાઉસનું જીવતર એળે જાય ને? આપણી જાનનું નામ દેનાર છે કોણ?'

જાન ગાડામાં જવાની હતી. સઘળું જોખમ હતું વરને ગાડે. કાસમને વરના ગાડા સાથે રાખ્યો.

અને વરનું ગાડું તો આગળ જ હોય ને? કાસમ ચાઉસ ગાડા સાથે ચાલ્યો જાય છે. હાથમાં શેઠે એક બંદુક અપાવી છે. કાસમ ચાઉસ તો ખોંખારા મારતો જાય છે ને ચાલ્યો જાય છે. કોઈએ એને ગાડે બેસવાનું કહ્યું પણ એ કહે: 'નહિ સાહેબ, બેઠા બેઠા ચોકી ન થાય.'

રસ્તામાં એક વાડીનો ધોરિયો [પાણીની નીક] આવ્યો. ધોરિયો ફૂટેલો હતો તેથી આજુબાજુમાં બધે કીચડ થઈ ગયેલો. ગાડું ત્યાં આવ્યું ને કીચડમાં ભરાયું. ગાડાવાળો બળદને હાંકવા બહુ કરે પણ કીચડમાં ગાડાના અર્ધા પૈડાં તો ખૂંચી ગયેલાં. બળદ બહુ જોર કરે પણ ગાડું શાનું જરાયે ચસે?

કાસમ કહે: 'એલા, ચલાવ ગાડું! કેમ ઊભું રાખ્યું ?'

'અરે હાંકું છું, ભાઈશા'બ, આ પૈ જરા ખૂંચી ગયું છે......'

'નહિ, એ તારાં બહાનાં નહિ ચાલે. જલ્દી ચલાવ.'

ગાડાવાળો મહેનત તો કરતો હતો પણ પૈડું નીકળતું જ નહોતું. એને એમ થયું કે જરા ભાર હળવો થાય તો નીકળે. એણે અંદર બેઠેલાં માણસોને ઉતરવાનું કહ્યું: 'ભાઈશા'બ, જરાવાર ઉતરી જશો ? આ ગાડું ખૂંચ્યું છે.'

કાસમે એ સાંભળ્યું ને એનો પિત્તો ગયો. 'અંદર બેઠેલાંને ઉતારનાર તું કોણ ? શેઠનો હુકમ છે ગાડું ઊભું ન રહે. ચાલ જલદી ગાડું ચલાવ.'

અંદરનાં માણસો તો બધી વાત જાણતાં હતાં. એ તો ઉતરવાની તૈયારી કરવા લાગ્યાં. ત્યાં તો



'ચલાવ ગાડું !'

કાસમ બોલ્યો: 'નહિ શેઠસાહેબ, આપને ઉતરવાનું કહેનાર કોણ? શેઠનો હુકમ છે ગાડું ન અટકે... ચાલ ગાડાવાળા, ગાડું ચલાવ!' પણ ગાડાવાળો ક્યાંથી ચલાવે? એ તો ખૂંચ્યું હતું ને ખૂંચ્યે જતું હતું. એ તો ઊભું હતું.'

કાસમ ખિજાયો. 'એ ગાડાવાળા, ચલાવ ગાડું! ચલાવે છે કે નહિ? ચલાવ, નહિ તો જોયો છો આ જમૈયો?' કાસમે જમૈયો કાઢ્યો ને ગાડાવાળા તરફ ઉગામ્યો.

મામલો વિફરાયો હતો. બીકના માર્યા ગાડાવાળાના તો હોશકોશ ઉડી ગયા. અંદર બેઠેલાં લોકો પણ મૂંઝાઈ ગયાં. 'હવે શું કરવું?'

'એ ચલાવે છે કે નહિ? ચલાવ, નહિ તો દઉં છું આ છાતીમાં! શેઠની જાન ઊભી ન રહે.'


ગાડાવાળો નીચે ઉતર્યો અને પૈડું કાઢવા લાગ્યો. કાસમ તો બૂમ માર્યા કરે છે: 'ચલાવ, નહિ તો દઉં છું.' અને થોડીવારે તો એ ગાડાવાળા તરફ ધસ્યો.

રકઝક ચાલતી હતી. ત્યાં તો પાછળનાં ગાડાં લગોલગ આવી પહોંચ્યા ને તેમ તેમ કાસમનો પિત્તો વધુ ઉછળ્યો. 'એ ચલાવ, ચલાવ, નહિ તો મર્યો…જો દઉં છું, આ તને છેલ્લીવારનું કહી દઉં છું.'

ગાડામાં બેઠેલા લોકો ગભરાયાં. કાસમને એ વારે પણ એ શેનો માને? એને તો શેઠનો હુકમ હતો ને? 'ગાડું ઊભું ન રહે.'

દૂરથી શેઠના ગાડાએ આ જોયું ને એણે ગાડું દોડાવ્યું. થોડીવારમાં એ પાસે આવી પહોંચ્યું. શેઠે કાસમને ઠંડો પાડયો. 'જમાદાર, એ તો કાદવમાં ખૂંચી ગયું છે. હમણાં ચાલશે.'

માંડ માંડ કાસમ મનાયો.



શિરો કે શિરામણ? ... ...

પછી તો શેઠે કાસમ ચાઉસને સાથે જ રાખ્યો. રસ્તામાં વાતો કર્યે જાય છે. કાસમ ચાઉસ કહે: 'હેં શેઠ, તમારે ત્યાં જમવાનું શું શું હોય?'

'કેમ વળી? લાડવા, જલેબી, દૂધપાક, શિરો..'

કાસમ કહે: 'બીજું બધું તો ઠીક પણ હું તમારા ઘરનો શિરો નહિ ખાઉં!'

કાસમ ચાઉસની પાડોશમાં એક ખેડૂત રહેતો હતો. દરરોજ સવારે વહેલો ઊઠી ને એ કહેશે: 'લાવો શિરામણ.'

કાસમ ઘણીવાર જુએ. જુવારનો કે બાજરાનો એક જાડો રોટલો હોય ને છાલિયું છાશ, ક્યારેક મરચાંનું અથાણું હોય કાં તો ડુંગળીનો ગાંઠિયો

હોય. ત્યારથી કાસમને થઈ ગયેલું કે 'શિરા' એટલે આ બધું–રોટલો, છાશ ને અથાણું. એ એને ભાવતું નહોતું. એટલે એણે મનમાં નક્કી જ કરી રાખ્યું હતું કે કોઈના ઘરના 'શિરા' ન ખાવા.

શેઠને તો નવાઈ લાગી. આ ચાઉસ શિરો ખાવાની કેમ ના પાડતા હશે? 'કેમ ચાઉસ, શિરો કેમ નહિ ખાઓ? એ તો સરસ હોય.'

'ગમે તેવો હોય પણ તમને પહેલેથી કહી દઉં છું કે હું એ શિરો નહિ ખાઉં!'



જાન તો જઈ પહોંચી માંડવે. પહેલે દિવસે તો કાસમના ભાણામાં મઝાના લાડુ, જલેબી ને એવું એવું આવ્યું. 'હં, આ ઠીક છે. પેલા શિરા કોણ ખાય?'

બીજે દિવસે બીજું કાંઈક ને ત્રીજે દિવસે જમણમાં શિરો થયો. શેઠને ખબર પડી એટલે એણે ચાઉસને પૂછ્યું: 'કેમ જમાદાર, આજે શિરો ખાશો ને?'

'ના ભાઈશા'બ, એનું નામ ન દેશો.'

'પણ જરા ચાખી તો જુઓ ?'

'ના, એતો મેં ખૂબ જોયો છે. શિરો મને ન ભાવે.'

જમવાનો વખત થયો. જાન જમીને પરવારી છે. કાસમ ચાઉસનું ભાણું હજુ મોકલાયું નથી. કાસમ ચાઉસ રાહ જોઈ રહ્યો છે, ત્યાં શેઠ નીકળ્યા. કાસમે એમને બોલાવ્યા ને કહે: 'શેઠ, જમવાનું હજી નથી મળ્યું.'

'પણ જમાદાર, થોડોક તો શિરો લો, તમને ભાવશે.' 'લાવો ત્યારે લીંબુ જેટલો.'

શેઠે એક થાળીમાં શિરો મંગાવ્યો ને ચાઉસને આપવા માંડયો. કાસમ તો જોઈને હેબતાઈ જ ગયો. ‘ આ શિરો ? આવો તો ચાર થાળી આપે તોયે ન છોડું. ’

અને જોતજોતામાં તો કાસમ થાળી સાફ કરી ગયો. ‘શેઠ, લાવો વધારે.’

શેઠને ગમ્મત કરવાનું મન થયું. ‘ચાઉસ, તમે કહેતા હતા ને કે લીંબુ જેટલો જ આપો, તો તમારું લીંબુ તે કેવડું ?’

કાસમ ચાઉસ શો જવાબ આપે ?

બાજુમાં કોઈ ઊભું હશે, તેણે વચ્ચેથી જવાબ દીધો : ‘ એને ત્યાં તરબૂચ જેવડાં લીંબુ થતાં હશે !’



ઠેરના ઠેર ... ...

પછી તો કાસમને સુધરાઈ ખાતામાં નોકરી મળી ગઈ. ગામમાં કોઈ પાણી ઢોળે નહિ, કોઈ ગંદકી કરે નહિ, એ એણે ફરીને જોવાનું. કોઈ ગંદકી કરે, પાણી ઢોળે તો કાંતો એને પકડીને એ લઈ જાય અથવા તો એનું નામ લખી જાય.

મોંમાં પાનની પટ્ટી ચડાવે, હાથમાં સુંદર સોટી રાખે, પગમાં જુના જોડા હોય તોયે કાસમ ચાઉસ રોફથી લટકચાલ ચાલતા હોય. બધાને એમ કે આ કાસમ તો આપણો ઓળખીતો, એ આપણને શું પકડવાનો હતો? એ તો આપણી જાનમાં આવેલો, એ આપણને શું કરવાનો હતો? લોકો ફાવે તેમ પાણી ઢોળે, એંઠવાડ કે ગંદવાડ ફેંકે.

પણ થોડા જ દિવસ થયા ત્યાં તો કાસમે સાત આઠ જણનાં નામ લખી લીધાં. એને કાંઈ લખતાં તો આવડતું નહોતું એટલે એમ જ કહેવાય કે લખાવી લીધાં. અને બધાના થયા દંડ. કોઈના બે આના તો કોઈના ચાર આના. ઠપકો મળ્યો ને શરમાવું પડ્યું તે જૂદું.

પછી તો કાસમ ચાઉસનો વટ પડવા લાગ્યો. ' જો જો હોં ભાઈ, કાસમ આવી ન જાય, ધ્યાન રાખજો. પાણી ઢોળવું હોય તો રાતના ઢોળજો. કચરો જરા આઘેરો ફેંકજો.'

બધા એનાથી બીએ પણ બધાનો દંડ કરનાર સુધરાઈનો પ્રમુખ કાંઈ બીએ? એનું પાણી તો ઢોળાયા કરે. એને કોણ પૂછનાર?

સાંજનો વખત હતો, સૂરજ આકાશને કિનારે લંગર નાખતો હતો. કાસમ ચાઉસ સોટી ફેરવતો ફેરવતો લટાર મારી રહ્યો હતો.

ધબ દઈને પાણી પડ્યું ને કાસમે ઊંચું જોયું.

'અરે કોણ છે એ?' કાસમે બૂમ મારી. પાણી ફેંક-નાર તો ઘરમાં જતાં રહ્યાં.

'કોણ છે? બહાર આવો, નહિ તો મારે અંદર આવીને પકડવા પડશે.'

કોઈએ જવાબ ન આપ્યો.

કાસમે ડેલી હડસેલી. અંદર ગયો. 'ચાલો નીકળો બહાર. ચાલો કચેરીએ, નોંધાવો નામ. કેમ પાણી ઢોળ્યું?'

ત્યાં તો અંદરથી પ્રમુખ સાહેબ નીકળ્યા. 'અલ્યા એટલુંય નથી સમજતો? ક્યાં શોર મચાવે છે, તે તો જાણવું જોઈએ. આ તો આપણું ઘર છે.'

'ના સા'બ એમ ન ચાલે. સા'બનો હુકમ છે. 'જે પાણી ઢોળે તેને પકડવો—નામ નોંધવું.' ચાલો લખાવો નામ.'


'પણ કાસમ આ તો આપણા...'

'ના, સા'બ, એમ તો આપ જે ફરમાવો તે. પણ પાણી ઢોળનાર...'

સાહેબે કાસમને તે વખતે તો વળાવ્યો. પણ વાત કાંઈ છાની રહે છે? આખા ગામમાં વાત ફેલાણી સાહેબના ઘરમાંથી પાણી ફેંકાયું તો કાંઈ નહિ, એનો દંડ નહિ, ને આપણો શાનો?

વાત સાહેબને કાને પહોંચી. બીજું તો કાંઈ કરવાપણું નહોતું પણ પહેલી તારીખથી કાસમને 'કામ સંતોષકારક નહિ હોવાથી' રજા મળી ગઈ.

અને વળી પાછો કાસમ રખડતો થઈ ગયો.



હવે તો હું 'શેઠ' થયો છું ...

કોઇએ કાસમને કહ્યું, 'ચાઉસ, વેપાર કરો વેપાર. શેઠ કહેવાશો ને……'

'વેપાર કરું તો મજૂરી ન કરવી પડે?'

'ના, વળી જુઓ એમાં તો ઘર થાય, બંગલા, થાય ને મોજ કરવાનું. ક્યાંયે જવાની પંચાત નહિ, બસ ગાદી પર બેસી રહેવાનું.'

કાસમે વિચાર કરી લીધો. 'બસ, વેપાર કરવો.' પણ પાછી મૂંઝવણ થઈ. શાનો વેપાર કરવો? વેપાર આપણને આવડે?

કાસમ પાસે મૂડી તો કાંઈ ન હતી. સુધરાઈ-માંથી પગાર મળ્યો હતો એ એની મૂડી.

એક નાનકડી હાટડી ભાડે રાખી. બે ચાર ડબલાં લઈ આવ્યો અને વેપાર શરુ કર્યો. દાળિયા, મમરા, રેવડી, શીંગ ને એવું એવું.

છોકરાં આવે. ' કાસમ શેઠ, પાઈના દાળિયા આપો, પાઈની રેવડી આપો. '

કાંટા તાજવાં તો કાસમે પહેલી જ વાર જોયેલાં. પાઈમાં એને શું ઉપાડવાં ? કાસમ તો મૂઠી ભરીને દાળિયા આપે. મૂઠી ભરીને રેવડી આપે.

અને પછી તો સવાર સાંજ કાસમને ત્યાં બાળ-કોની ટોળી ઉભરાઈ. પાઈમાં મૂઠી ભરીને દાળિયા! પાઈમાં મૂઠી ભરીને રેવડી !

સાંજ પડે ને કાસમ પૈસા ગણે. કોઈ દહાડો પાંચ આના. કોઈ દહાડો છ આના તો કોઈ દહાડો આઠ આના આવે. કાસમ કહે: ' આ તો મઝાનું! લૂખીસૂખી રોટીને બદલે પછી તો કાસમ મઝાની

વાનગીઓ ઉડાવવા લાગ્યો. એને થયું, 'આ ધંધો સરસ.' ખાવાપીવાની મઝા, ને પછી તો બંગલો થશે, બગીચો થશે...' કાસમને જાણે કે એ બંગલા –બગીચાનાં સ્વપ્નાં દેખાવા લાગ્યાં.

પાંચ દહાડા ને પંદર દહાડા. એક મહિનો એમ ને એમ વીતી ગયો. લાવેલો માલ ખલાસ થવા આવ્યો. કાસમ કહે: 'હવે? હવે નવો માલ લાવવો પડશે.'

અને કોઈએ થોડો ઘણો ઉધાર માલ પણ આપવા માંડયો.

રોજ છોકરાં આવે ને કાસમની દુકાનેથી દાળિયા –શીંગ લઈ જાય.

બીજો મહિનો અર્ધો થયો ત્યાં તો ભાડાવાળો આવ્યો. 'કાસમ ચાઉસ ભાડું લાવો.'

કાસમને હવે કોઈ ચાઉસ કહે તો એને આંખ ચડી જતી. હવે હું ચાઉસ શાનો? હવેતો મારું નામ 'કાસમ શેઠ.'

'ઓહો, ભૂલ્યો.' ' ભાડાવાળાએ કહ્યું. 'કાસમ શેઠ, ભાડું આપો.'

કાસમે ગલ્લામાં જોયું, ભાડું તો રૂપિયા ત્રણ જ હતું પણ ગલ્લામાં બે આનાથી વધારે પૈસા ન હતા. કાસમ મૂંઝાણો. આ વળી શી બલા આવી!

'તે આપશું, હવે તો હું 'શેઠ' થયો છું. હવે કાંઈ હું ચાઉસ થોડો છું તે તમે રોકડા માગો?'

'એ વાત સાચી કાસમ શેઠ, પણ મહિનો પૂરો થયો. હવે તો ભાડું આપો.'

કાસમ કહે, 'ના, એમ રોકડા ન અપાય. વેપારીને તો ઉધાર મળે.'

ભાડાવાળો મૂંઝાયો, હવે આનું શું કરવું? બીજું કોઈ હોત તો બોલાચાલી કરીને પણ ભાડું લેત. પણ આ તો કાસમ! છેવટે એણે એક યુક્તિ શોધી કાઢી. 'સાચી વાત, કાસમ શેઠ, વેપારીને તો ઉધાર હોય, એ તો હુંડીઓથી પૈસા ભરે.'

નક્કી કર્યું કે ભાડાવાળાએ હુંડી લખવી ને કાસમ શેઠ એ ભરી દેશે.


ત્રણ દહાડા ગયા ને કાસમ શેઠને ત્યાં હુંડી આવી ને ઊભી રહી. 'જનાબ કાસમ શેઠ, આ હુંડીના રૂપિયા ત્રણ અમારી દુકાને ભરી જજો.' પેલાએ જોયું કે અધરી અધરી હુંડી લખવા બેસશે તો કાંઈ દહાડો નહિ વળે. ને એણે આવું સીધું સટ લખી નાખ્યું.

હુંડી કાસમના હાથમાં આવી ને કાસમ મૂંઝાણો. આવો વેપાર હોય? બધાને તો ઢગલાબંધ પૈસા આવે છે ને આપણે આમ કેમ? પૈસા તો હતા નહિ ને પાસે બીજું કાંઈ પણ હતું નહિ. કાસમ હુંડી શી રીતે ભરે?

ભાડાવાળાને થઈ ગયું કે એ શેઠ તો 'કાસમ શેઠ' છે. ભાડુંબાડું કાંઈ મળે એમ નથી. હળવેક રહીને એણે કાસમને કહી દીધું: 'કાસમ શેઠ, અમારે દુકાન જોઈએ છે, દુકાન ખાલી કરી દેજો.'

દુકાનમાં થોડોઘણો માલ હતો. બેચાર ડબલાં હતાં. કાસમ એ લઈને બીજી દુકાન શોધવા નીકળ્યો. પણ હવે એને દુકાન કોણ આપે ?

થોડા દહાડા કાસમ રખડયો. સૂકી રોટીના પણ સાંસા થઇ પડયા. એના બંગલા-બગીચા તો કયાંયના કયાંય ઊડી ગયા હતા ને મજૂરી કરવાનું પણ દૂર જતું રહ્યું હતું. હવે શું કરવું ?



કાસમ ગયો ... ...

કાસમ તો મૂંઝાણો. હવે શું કરવું? વેપાર તો ચાલ્યો નહિ. આટલી ખંતેથી એણે નોકરી કરી પણ તો'ય ત્યાંથી રજા મળી ગઈ! દરબાર સાહેબે પણ એને જાકારો દીધેલો. વળી પાછો કાસમે પોતાનો ખેપનો ધંધો શરુ કર્યો. આજુબાજુને ગામડે માલ કે ચિઠ્ઠી ચપાટી લઈ જવી ને જે મળે તેમાંથી ગુજરાન ચલાવવું પણ સુધરાઈમાં રહીને એ પૂરેપૂરો ગામની આંખે થઈ ગયો હતો. એ કામ પણ હવે તેને પૂરતું મળતું નહિ. ક્યારેક બે ચાર આના મળે તો કોઈ દિવસ સાવ ખાલી પણ જાય. મજૂરી શોધવા પણ એણે પ્રયત્ન કર્યા; પણ એમાં ક્યાંયે પાટો બાઝયો નહિ. કાસમ કંટાળ્યો.

કામ કરવું છે છતાં કામ મળતું નથી, અને પેટ કાંઈ થોડું જ છોડી દે છે ? ગમે તેમ કરીને ગુજરાન ચલાવવું જ જોઇએ ને ?

કેટલાક દિવસો તો કાસમે આમ ચિંતામાં ને ચિંતામાં વિતાવ્યા. કયારેક કામ મળે છે તો પાનપટ્ટી ચડાવી લ્હેરથી ફરે છે, તો કયારેક ઉધાર રોટી ખાઈ રખડે છે.

છેવટે એને એક તક્કો સૂઝી આવ્યો. દરબાર સાહેબ પાસે જવું ને નોકરીની નહિ તો ગુજરાનની માગણી કરવી.

બપોરનો વખત હતો. દરબાર સાહેબ જમવા બેઠા હતા. કાસમ દરબારગઢમાં દાખલ ગયો. કોઈને જવા ન દેવાનો પહેરગીરને હુકમ હતો. એનાથી કાંઈ કાંઈ કાસમને જવા દેવાય ? 'ઊભા રહો, કોણ છો ?' એણે હુકમ દીધો. 'કોણ છો કેમ ? નથી ઓળખતો ? હું કાસમ ચાઉસ.'

'અત્યારે દરબાર સાહેબ ભોજન કરે છે. નહિ જવાય' પહેરેગીર બોલ્યો.

'એ તો અમને યે ખબર છે. ભોજન કરે છે તે શું છે? તેં પહેરા ભર્યા છે ને અમે નથી ભર્યા? છાનોમાનો આઘો ખસ.'

'કાસમ ચાઉસ જવાશે નહિ. દરબાર સાહેબનો હુકમ...'

'અમને દરબાર સાહેબ ઓળખે છે. અમારે માટે દરબારગઢમાં જવાની મનાઈ ન હોય. હુકમ બુકમ કોઈ બીજાને માટે હશે.' કાસમ બોલ્યો.

'પણ ....'

પહેરેગીર વધારે બોલે તે પહેલાં તો કાસમ ચોકી વટાવી ગયો હતો.

અને બીજી ચોકી પાસે પણ એજ રકઝક. કાસમ કહે, 'મને રોકનાર તું કોણ? તું તો આજકાલનો નોકર હઈશ. અમે તો દરબારની દસ વર્ષ નોકરી કરી છે.'

કાસમ બીજી ચોકી ને ત્રીજી ચોકી વટાવી દરબાર સાહેબના જમવાના ટેબલ પાસે આવી પહોંચ્યો.

દરબાર સાહેબના ભાણાની મીઠી મીઠી વાનીઓ જોઈ એના મોંમાં પાણી આવી ગયાં. એને જૂના દિવસો યાદ આવ્યા. કેવો પોતે દરબારગઢમાં રહેતો હતો ને સારું મઝાનું જમતો હતો ને સુખી હતો! એની આંખ ભીની થવા જતી હતી પણ જરા કઠણુ થઈ દરબાર સાહેબને કુર્નીશ કરી ઊભો રહ્યો.

'હજૂર સાહેબ!'

દરબારે ઊંચે જોયું. 'આ બલા અહીં કયાંથી આવી? એને કોણે આવવા દીધો?' દરબાર સાહેબ વિચારે છે ત્યાં તો કાસમે શરુ કર્યું. 'હજૂર, પૂરું ખાવાનું મળતું નથી. કાંઈક નોકરી આપો, નહિ તો ગુજરાન આપો. આટલા વર્ષ નોકરી કરીને હવે ભૂખ્યા રહેવું પડે છે...'

'તે એમાં હું શું કરું? મારે ત્યાં અત્યારે કામ નથી.'

'ના હજૂર એમ ન હોય. આપ દરબાર છો, માવતર છો. અમે વસતિ ભૂખે મરીએ ને આપ...'

દરબાર સમજી ગયા. વાત આગળ વધતી હતી. એને લાગ્યું કે કાસમ કાંઈક વધારે પડતું બોલ્યા વિના નહિ રહે. તે વખતે તો એણે સમય સંભાળી લીધો. 'જા, ખાવાનું આપશે.'

હરખાતો હરખાતો દરબાર સાહેબને અનેક દુવા ગુજારતો કાસમ ચાઉસ પાછો ફર્યો.

ત્રણ દિવસ તો એને એ રીતે ભાણું મળ્યું પણ ચોથા દિવસની સવારે એને ફોજદાર સાહેબનું તેડું આવ્યું.

'ચાલો, ફોજદાર સાહેબ બોલાવે છે.'

'કાંઈક નોકરી જરુર મળશે.' હરખાતો હરખાતો કાસમ ઉતાવળે ડગલે જઈ પહોંચ્યો.

'તારે આ રાજની હદમાં રહેવાનું નથી.' ફોજદાર સાહેબે હુકમ ફરમાવ્યો, ને બે પોલિસ તેને પરહદમાં મૂકી આવ્યા.



તે દિવસનો કાસમ ક્યાંક ગયો છે. અત્યારે તો એ કોણ જાણે ક્યાં યે હશે. બિચારો કાસમ ચાઉસ !

લોર્ડકીન પ્રિન્ટરી : અમદાવાદ.